# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૮/૭/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# સુરત ઈન્ફોર્મેશન ટેકનોલોજીનું હબ બને તે દિશામાં પ્રયાસ કરવા માટે ચેમ્બરની મુખ્યમંત્રીને રજૂઆત

**સુરત.** ગુજરાતના આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી કિશોર કાનાણી (કુમાર)ની આગેવાનીમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના માનદ્ ખજાનચી મનિષ કાપડીયા તથા ચેમ્બરની આઇટી કમિટીના ચેરમેન ગણપત ધામેલીયા અને કો–ચેરમેન પુનિત ગજેરાએ ગતરોજ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને અધિક મુખ્ય સચિવ મનોજ કુમાર દાસ સાથે રૂબરૂ મુલાકાત કરી સુરત શહેરને ઈન્ફોર્મેશન ટેકનોલોજી (આઇ.ટી.) હબ તરીકે વિકસાવવા માટે રાજ્ય સરકાર દ્વારા પ્રયાસ કરવામાં આવે તેવી રજૂઆત કરી તે સંદર્ભે મહત્વની ચર્ચા કરી હતી.

ચેમ્બર દ્વારા મુખ્યમંત્રીને એવી રજૂઆત કરાઇ હતી કે, સુરત એ ગુજરાત માટે આર્થિક પાટનગર છે. સુરતમાં હીરા ઉદ્યોગ અને કાપડ ઉદ્યોગ ખૂબ જ વિકાસ પામ્યો છે ત્યારે સુરતમાં ત્રીજા ઉદ્યોગના વિકલ્પ તરીકે ઈન્ફોર્મેશન ટેકનોલોજી (આઇ.ટી.) ઇન્ડસ્ટ્રી ઉભરી આવી શકે એવી શકયતાઓ દેખાઇ રહી છે. કોમ્પ્યુટર ક્ષેત્રે સ્નાતક થયેલો પુરતો મેનપાવર સુરતમાં છે. સોફટવેર અને આઉટ સોર્સિંગનું કામ કરતી મોટી કંપનીઓ પણ સુરતમાં શરૂ થઇ ગઇ છે ત્યારે પૂરતું ઇન્ફ્રાસ્ટ્રકચર અને સુવિધા મળે તો સુરત આઇ.ટી. હબ બની શકે તેમ છે. છેલ્લા પાંચ વર્ષમાં જે પ્રકારે સુરતમાં સ્ટાર્ટઅપ થયા છે. વેબ ડિઝાઇનીગ અને એપ્લીકેશન તથા સોફટવેર સંલગ્ન કામો સુરતમાં શરૂ થઇ ગયા છે. એના માટે જોઇએ તેઓ સ્ટાફ મળી રહયો છે, જે ખૂબ જ મહત્વની બાબત છે.

આવનારા દસ વર્ષમાં સુરત આઇ.ટી. હબ તરીકે ઓળખ ઉભી કરી શકે તેમ છે. કારણ કે, હીરા ઉદ્યોગ અને કાપડ ઉદ્યોગને લગતા સોફ્ટવેર સુરતમાં જ બનાવવામાં આવે છે. સુરતમાં અંદાજે ૧૬૦૦ જેટલી સોફ્ટવેર કંપનીઓ આવેલી છે. જેમાં કર્મચારીઓની સંખ્યા પાંચથી લઇને ૫૦૦ સુધીની છે. જેના થકી ૧૦ હજાર કરતા વધારે લોકોને નવી રોજગારી મળી રહે છે. સુરતને એપ, ગેમ અને યુ–ટયુબ દ્વારા જાહેરાતો થકી ગૂગલ દર મહિને ૧૦૦ કરોડથી વધારે ચૂકવે છે.

સુરતમાં ઇ–કોમર્સ, ડાયમંડ, ટેકસટાઇલ, એકાઉન્ટીગ, એચ.આર. મેનેજમેન્ટ, ઇન્સ્યોરન્સ, સી.આર.એમ., બેન્કીગ, સાઇબર સિકયોરિટી, હોટલ મેનેજમેન્ટ વિગેરે ક્ષેત્રે ઉપયોગમાં લેવાતા સોફ્ટવેર સુરતની જ સ્થાનિક સોફ્ટવેર કંપની દ્વારા બનાવવામાં આવેલા છે. ઓટોમેશનને લગતા આઇ.ટી., એ.આઇ. અને મશીન લર્નિંગને લગતા સોફ્ટવેર પણ સુરતમાં વિકસાવવામાં આવેલા છે. સોફ્ટવેર કંપનીઓમાં મહિલાઓની સંખ્યા ૩૫ ટકા જેટલી છે તે જોતા મહિલાઓ પણ આત્મનિર્ભર થઇ રહી છે. જેમાં ૫૦૦ જેટલી ઇ–કોમર્સ સાઇટ મહિલાઓ દ્વારા ઉત્પાદિત કરાયેલી વસ્તુઓના વેચાણ માટેની છે.

આગામી વર્ષોમાં સુરત આઇ.ટી. હબ તરીકે વિકસશે તો સ્થાનિક લોકોને પૂરતું મહેનતાણું મળી રહેશે. જેથી કરીને સુરતના આઇ.ટી. પ્રોફેશનલોને બેંગ્લોર, પૂણે અને મુંબઇ જેવા શહેરોમાં જવું નહી પડશે. આથી ગુજરાત સરકાર, કેન્દ્ર સરકાર સાથે મળીને સુરતમાં આઇ.ટી. ઇન્ડસ્ટ્રીને ડેવલપ કરવાની દિશામાં પ્રયાસ કરે તેવો અનુરોધ ચેમ્બર દ્વારા મુખ્યમંત્રીને કરવામાં આવ્યો હતો.

ચેમ્બર દ્વારા કરાયેલી રજૂઆત સંદર્ભે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, સુરતમાં ઇન્ફોર્મેશન ટેકનોલોજી કંપનીઓ ડેવલપ થાય તે માટે સરકાર દરેક પ્રકારની મદદ કરશે. બહારની કંપનીઓ પણ સુરતમાં આવીને ડેવલપ થઇને પોતાના સેન્ટર શરૂ કરે તે માટે પણ રાજ્ય સરકાર દ્વારા પ્રયાસો કરવામાં આવશે. સુરતમાં આઇ.ટી. કંપનીઓ ડેવલપ થાય તે રીતનું વાતાવરણ ઉભું કરવામાં આવશે.